सत्यमेव जयते

| | |
|---|---|
| વસોનાં મે. જયુ.મેજી.ફ.ક., મું.વસો.જી.ખેડા–નડીયાદ<br>શ્રી જે.એચ.ભટ્ટ સાહેબની કોર્ટ સમક્ષ. | |
| તારીખ : ૨૮/૧૧/૨૦૨૩<br>ફોજદારી કેસ નં. **8-2022**<br>આંક–<br>ગુનો :– એફ.આઈ.આર.નં.૧૧૨૦૪૦૪૦૨૧૦૩૨૮/૨૦૨૧<br>ઈ.પી.કો . કલમ– ૫૦૫(૨) મુજબ<br>માતર પોલીસ સ્ટેશન | |
| ફરીયાદી. | શ્રી સરકાર. |
| ફરીયાદી તર્ફે | વિ.એ.પી.પી.શ્રી જે.એન.વાળંદ |
| વિરૂધ્ધ | |
| આરોપી | મહીપતસિંહ કેસરીસિંહ ચૌહાણ,<br>ઉવ.૩૫,<br>રહે. લવાલ,, તા.વસો,જી.ખેડા |
| આરોપી તર્ફે | વિ.વ.શ્રી એ.એસ.મહીડા |

| | |
|---|---|
| ગુનો બન્યા તા. | ૨૮–૧૦–૨૦૨૧ પહેલા |
| એફ.આઈ.આર. ની તારીખ | ૨૮–૧૦–૨૦૨૧ |
| ચાર્જશીટ રજુ થયા તારીખ | ૧૯–૦૧–૨૦૨૨ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ | ૦૪–૦૫–૨૦૨૨ |
| પુરાવાના સ્ટેજે આવ્યા તારીખ | ૦૪–૦૫–૨૦૨૨ |
| જજમેન્ટ/હુકમ ઉપર આવ્યા તારીખ | ૧૮–૦૯–૨૦૨૩ |
| જજમેન્ટ/હુકમ ની તારીખ:– | ૨૮–૧૧–૨૦૨૩ |

## આરોપીઓની વિગત

| આરોપીનુ અનુક્રમ નંબર | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | તહોમત | શુ નિદોર્ષ છોડયુ/ સજા કરી | કરવામા આવેલી સજા | સુનવણી દરમિયાન અટકઢાયતનો સમય ગાળો ફો.કા. સંહીતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | મહીપતસિંહ કેસરીસિંહ ચૌહાણ, | – | – | આઈ.પી.સી કલમ–૫૦૫(૨) મુજબ | નિદોર્ષ | – | – |

## // ઠરાવ //

**(૧)** ફરિયાદ પક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આરોપીએ તા.૨૮/૧૦/૨૦૨૧ ના રોજ કલાક ૧૪/૦૦ વાગ્યા પહેલા કોઈ પણ સમયે મોજે લવાલ ગામે પોતાના મોબાઈલ ફોનમાં પોતાની ફેસબુક આઈ.ડી.લીંક https:/www.facebook.com./mahi.sarpanch.7 માં જે–તે સમયે ચાલી રહેલ પોલીસ ગ્રેડ પે આંદોલન બાબતે પોલીસ કર્મચારીઓને વધુ વેગ મળે તેવી ખોટી અફવાની પોસ્ટની પ્રસિધ્ધી કરી પોલીસને પોતાનુ સમર્થન છે તેમ જણાવી ગુનો કર્યા અંગેની વિગતવારની ફરીયાદ, માતર પોલીસ સ્ટેશનમાં દાખલ થતા આ કામે ગુનો દાખલ કરી તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસ કરી જરૂરી પુરાવો રજુ કરી આરોપી સામે પુરતા પુરાવા મળી આવતા ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૧૭૩(૨) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૫(૨) મુજબ હાલનું ચાર્જશીટ રજુ કરતા આ કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) પોલીસ અહેવાલ રજુ થતા ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ–૧૯૦(૧)(ખ) આધારે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૫૦૫(૨) મુજબના ગુના અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતા, હાજર થતા, કલમ–૨૦૭ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, **આંક – ૪** થી તહોમતનામુ અને **આંક –૫** થી પ્લી નોંધવામાં આવતા તે વાંચી, સંભળાવતા, સમજાવતા ગુના અંગે પૂછવામાં આવતા ઈન્કાર કરતા, ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**પુરાવા**

(૩) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**(અ) મૌખિક પુરાવા :–**

| ક્રમ | આંક– | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૧૩ | સાહેદ મોનીકા હેમંતભાઈ ઠાકરની સોગંદ પરની જુબાની |
| ૨ | ૧૪ | સાહેદ ક્ષત્રસિંહ બાલુસિંહ પરમારની સોગંદ પરની જુબાની |
| ૩ | ૧૫ | સાહેદ વિક્રમભાઈ લક્ષ્મણ ભાઈ સકાણીની સોગંદ પરની જુબાની |
| ૪ | ૧૮ | સાહેદ શૈલેષભાઈ લક્ષ્મણ ભાઈ તળપદાની સોગંદ પરની જુબાની |
| ૫ | ૧૯ | સાહેદ કિશોરભાઈ અરજણ ભાઈ પરમારની સોગંદ પરની જુબાની |
| ૬ | ૨૦ | સાહેદ ધીરૂભાઈ મેરૂભાઈ અલગોતરની સોગંદ પરની જુબાની |
| ૭ | ૨૧ | ફરીયાદી શેલાભાઈ રાહાભાઈ ભરવાડની સોગંદ પરની જુબાની |
| ૮ | ૨૭ | ત.ક.અ. દુર્લભભાઈ જીવાભાઈ સોસાની સોગંદ પરની જુબાની |

<u>(બ) દસ્તાવેજી પુરાવા :–</u>

| ક્રમ | આંક– | દસ્તાવેજની વિગતો |
|---|---|---|
| ૧ | ૨૫ | ફરીયાદ |
| ૨ | ૨૬ | સુચીપત્રક |
| ૩ | ૨૮ | તપાસ અંગેનો લેખીત હુકમ |

આ કામે મુળ ફરિયાદી તરફે એ.પી.પીશ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ કરેલ છે.

(૪) ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા ફો.કા.અ.ની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેણે ખોટી ફરીયાદ કરેલ હોવાનુ જણાવેલ છે.

(૫) ત્યારબાદ બન્ને પક્ષની દલીલો સાંભળી.તેમજ આરોપી પક્ષે આંક–૨૯ થી લેખીત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી.

(૬) સદરુહુ કેસના ન્યાયકિ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>**– મુદ્દા –**</u>

૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨૮/૧૦/૨૦૨૧ ના રોજ કલાક૧૪/૦૦ વાગ્યા પહેલા કોઈ પણ સમયે મોજે લવાલ ગામે પોતાના મોબાઈલ ફોનમાં પોતાની ફેસબુક આઈ.ડી.લીંક https:/www.facebook.com./mahi.sarpanch.7 માં જે–તે સમયે ચાલી રહેલ પોલીસ ગ્રેડ પે આંદોલન બાબતે પોલીસ કર્મચારીઓને વધુ વેગ મળે તેવી ખોટી અફવાની પોસ્ટની પ્રસિધ્ધી કરી

પોલીસને પોતાનુ સમર્થન છે તેમ જણાવી ઈ.પી.કો. કલમ–૫૦૫(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?"

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા તારણો નીચે મુજબ છે.

૧) નકારમાં

૨) આખરી હુકમ મુજબ

ઉપરોકત મુદ્દાઓ પરત્વે ઉપરોકત તારણો પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**::–કારણો–::**

**મુદ્દા નં.૧:–**

(૮) ફરિયાદપક્ષના સાહેદ મોનીકા હેમંતભાઈ ઠાકરની અંક–૧૩ થી જુબાની થયેલ છે અને તેણી પોતાની જુબાનીમા જણાવે છે કે, તા.૨૮/૧૦/૨૧ ના રોજ હુ માતર પો.સ્ટેશનમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે સવારના ૮/૦૦ થી સાંજના ૨૦/૦૦ સુધી મારી ફરજ હતી તે વખતે બપોરનાં ૨/૦૦ વાગ્યે પો.સ.ઈ. એસ.આર. ભરવાડનાઓએ તેમના મોબાઈલ ફોનમાંથી મહીપતસિંહ ચૌહાણ નડીયાદના ફેસબુક આઈ.ડી. ઉપર એક પોસ્ટ જોતા જે ફેસબુક મેસેજ પેજનો ફોટો હતો જેમાં '' # ગ્રેડ પે બાબતે પ્રતિક્રિયા કોન્સટેબલની ૧૮૦૦ ગ્રેડ પે ૨૮૦૦ ગ્રેડ પેની માંગ એ.એસ.આઈ.ને ૨૪૦૦ ગ્રેડ પેની માંગ સામે ૪૨૦૦ ગ્રેડ પેની માંગ, વર્ગ–૩ ના કર્મચારીના ગ્રેડ પે ૨૪૦૦ તો પોલીસનો કેમ ૧૮૦૦ ૨૪ કલાક ખડે પગેની નોકરી છતા અન્યાય કેમ દરેક પરિસ્થીતીમાં આગળ રહેતી અને ફરજનો સમય નકકી નહી હોવા છતા વેતન ઓછુ અને અન્યાય કેમ આ બાબતનુ પોલીસને મારુ સમર્થન'' અને આ મેસેજની નિચે પોલીસના ડ્રેસવાળો ફોટો હતો જે ફોટામાં જોતા ગુજરાતીમાં મહીપતસિંહ લખેલ હતુ અને વિ વોન્ટ

જસ્ટિસ અને જેની નીચે ગુજરાતમાં પોલીસ જવાનોની વેદના વર્ગ–૩ ના કર્મચારીને ગ્રેડ પે ર૪૦૦ તો પોલીસને કેમ ૧૮૦૦? તેની સાઈડમાં મહીપતસિંહ ચૌહાણનો ફોટો છે અને અંગ્રેજીમાં મહિપતસિંહ ચૌહાણ લખેલ છે જેની નીચે તેમના નામ લિંક જે મુખ્ય સંયોજક, સર્વ સમાજ સેના ગુજરાત લિવ ઈન નડીયાદ ફ્રોમ વસો ઈન્ડીયા બર્થ ડેટ ર૫–જુલાઈ–૧૯૮૬ વિગેરે મતલબનો મેસેજ અમારા પો.સ.ઈ. તેમના મોબાઈલમાં અમને બતાવેલો જે જે–તે વખતે ચાલી રહેલા પોલીસ કર્મચારીના ગ્રેડપે આંદોલનને વેગ તથા પ્રોત્સાહન મળે તેમ હોય અને ઉશ્કેરણી જનક તેમજ શીસ્તભંગ ખાતામાં ફરજ ન બજાવે અથવા ફરજની ઉપેક્ષા કરે તેવો મેસેજ ફેસબુકમાં કરેલ હોય જેથી અમારા પો.સ.ઈ.ભરવાડસાહેબે મહીપતસિંહ કેસરીસિંહ ચૌહાણ રહે. લવાલ વિરુધ્ધ ફરીયાદ આપેલી જે અનુસંધાને ત.ક.શ્રીએ મારો જવાબ લીધેલ. તેમજ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ વંચાણે લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હુ મારા એનરોઈડ ફોનમાં ફેસબુક વાપરુ છુ. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકિતનો ફોન બીજી કોઈ વ્યકિત ફોન લઈ તેમાંથી મેસેજ કે ફોટો ફેસબુક ઉપર પોસ્ટ વાયરલ કરી શકે. એ વાત ખરી છે કે હાલના સાઈબર ક્રાઈમના જમાનામાં ચોકકસ કહી શકાય નહી કે ફેસબુક પોસ્ટ ઉપર કોને પોસ્ટ કરેલી. એ વાત ખરી છે કે હાલ સાઈબર ક્રાઈમ હીસાબે કોઈ પણ વ્યકિત કોઈ પણ વ્યકિતનો ફોટો ખોટો બનાવી તેમાં લખાણ કરી વાયરલ કરી શકે.

(૯) ફરિયાદપક્ષના સાહેદ ક્ષત્રસિંહ બાલસિંહ પરમારની આંક–૧૪ થી જુબાની થયેલ છે અને તે પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા.ર૮/૧૦/ર૧ ના રોજ હુ માતર પો.સ્ટેશનમાં વાયરલેસ ઉપર સવારના ૮/૦૦ થી સાંજના ર૦/૦૦ સુધી અમારી ફરજ હતો તે વખતે બપોરનાં ર/૦૦ વાગ્યે પો.સ.ઈ. એસ.આર.

ભરવાડનાઓએ તેમના મોબાઈલ ફોનમાંથી મહીપતસિંહ ચૌહાણ નડીયાદના ફેસબુક આઈ.ડી. ઉપર એક પોસ્ટ જોતા જે ફેસબુક મેસેજ પેજનો ફોટો હતો જેમાં '' # ગ્રેડ પે બાબતે પ્રતિક્રિયા કોન્સટેબલની ૧૮૦૦ ગ્રેડ પે ૨૮૦૦ ગ્રેડ પેની માંગ એ.એસ.આઈ.ને ૨૪૦૦ ગ્રેડ પેની માંગ સામે ૪૨૦૦ ગ્રેડ પેની માંગ, વર્ગ–૩ ના કર્મચારીના ગ્રેડ પે ૨૪૦૦ તો પોલીસનો કેમ ૧૮૦૦ ૨૪ કલાક ખડે પગેની નોકરી છતા અન્યાય કેમ દરેક પરિસ્થીતીમાં આગળ રહેતી અને ફરજનો સમય નકકી નહી હોવા છતા વેતન ઓછુ અને અન્યાય કેમ આ બાબતનુ પોલીસને મારુ સમર્થન'' અને આ મેસેજની નિચે પોલીસના ડ્રેસવાળો ફોટો હતો જે ફોટામાં જોતા ગુજરાતીમાં મહીપતસિંહ લખેલ હતુ અને વિ વોન્ટ જસ્ટિસ અને જેની નીચે ગુજરાતમાં પોલીસ જવાનોની વેદના વર્ગ–૩ ના કર્મચારીને ગ્રેડ પે ૨૪૦૦ તો પોલીસને કેમ ૧૮૦૦? તેની સાઈડમાં મહીપતસિંહ ચૌહાણનો ફોટો છે અને અંગ્રેજીમાં મહિપતસિંહ ચૌહાણ લખેલ છે જેની નીચે તેમના નામ લિંક જે મુખ્ય સંયોજક, સર્વ સમાજ સેના ગુજરાત લિવ ઈન નડીયાદ ફ્રોમ વસો ઈન્ડીયા બર્થ ડેટ ૨૫–જુલાઈ–૧૯૮૬ વિગેરે મતલબનો મેસેજ અમારા પો.સ.ઈ. તેમના મોબાઈલમાં અમને બતાવેલો જે જે–તે વખતે ચાલી રહેલા પોલીસ કર્મચારીના ગ્રેડપે આંદોલનને વેગ તથા પ્રોત્સાહન મળે તેમ હોય અને ઉશ્કેરણી જનક તેમજ શીસ્તભંગ ખાતામાં ફરજ ન બજાવે અથવા ફરજની ઉપેક્ષા કરે તેવો મેસેજ ફેસબુકમાં કરેલ હોય જેથી અમારા પો.સ.ઈ.ભરવાડસાહેબે મહીપતસિંહ કેસરીસિંહ ચૌહાણ રહે. લવાલ વિરુઘ્ધ ફરીયાદ આપેલી જે અનુસંધાને ત.ક.શ્રીએ મારો જવાબ લીધેલ. તેમજ આરોપીને ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ વંચાણે લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હુ મારા એનરોઈડ ફોનમાં ફેસબુક વાપરુ છુ. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકિતનો ફોન બીજી કોઈ વ્યકિત ફોન લઈ તેમાંથી મેસેજ કે ફોટો ફેસબુક ઉપર પોસ્ટ વાયરલ કરી શકે. એ વાત ખરી છે કે હાલના સાઈબર ક્રાઈમના

જમાનામાં ચોકકસ કહી શકાય નહી કે ફેસબુક પોસ્ટ ઉપર કોને પોસ્ટ કરેલી. એ વાત ખરી છે કે હાલ સાઈબર ક્રાઈમ હીસાબે કોઈ પણ વ્યકિત કોઈ પણ વ્યકિતનો ફોટો ખોટો બનાવી તેમાં લખાણ કરી વાયરલ કરી શકે.

(૧૦) ફરિયાદપક્ષના સાહેદ વિક્રમભાઈ લક્ષ્મણભાઈ સકાણીની આંક-૧૫ થી જુબાની થયેલ છે અને તે પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૮/૧૦/૨૧ ના રોજ હુ માતર પો.સ્ટેશનમાં મારી ફરજ હતો તે વખતે બપોરનાં ૨/૦૦ વાગ્યે પો.સ.ઈ. એસ.આર. ભરવાડનાઓએ તેમના મોબાઈલ ફોનમાંથી મહીપતસિંહ ચૌહાણ નડીયાદના ફેસબુક આઈ.ડી. ઉપર એક પોસ્ટ જોતા જે ફેસબુક મેસેજ પેજનો ફોટો હતો જેમાં '' # ગ્રેડ પે બાબતે પ્રતિક્રિયા કોન્સટેબલની ૧૮૦૦ ગ્રેડ પે ૨૮૦૦ ગ્રેડ પેની માંગ એ.એસ.આઈ.ને ૨૪૦૦ ગ્રેડ પેની માંગ સામે ૪૨૦૦ ગ્રેડ પેની માંગ, વર્ગ-૩ ના કર્મચારીના ગ્રેડ પે ૨૪૦૦ તો પોલીસનો કેમ ૧૮૦૦ ૨૪ કલાક ખડે પગેની નોકરી છતા અન્યાય કેમ દરેક પરિસ્થીતીમાં આગળ રહેતી અને ફરજનો સમય નકકી નહી હોવા છતા વેતન ઓછુ અને અન્યાય કેમ આ બાબતનુ પોલીસને મારુ સમર્થન'' અને આ મેસેજની નિચે પોલીસના ડ્રેસવાળો ફોટો હતો જે ફોટામાં જોતા ગુજરાતીમાં મહીપતસિંહ લખેલ હતુ અને વિ વોન્ટ જસ્ટિસ અને જેની નીચે ગુજરાતમાં પોલીસ જવાનોની વેદના વર્ગ-૩ ના કર્મચારીને ગ્રેડ પે ૨૪૦૦ તો પોલીસને કેમ ૧૮૦૦? તેની સાઈડમાં મહીપતસિંહ ચૌહાણનો ફોટો છે અને અંગ્રેજીમાં મહિપતસિંહ ચૌહાણ લખેલ છે જેની નીચે તેમના નામ લિંક જે મુખ્ય સંયોજક, સર્વ સમાજ સેના ગુજરાત લિવ ઈન નડીયાદ ફ્રોમ વસો ઈન્ડીયા બર્થ ડેટ ૨૫-જુલાઈ-૧૯૮૬ વિગેરે મતલબનો મેસેજ અમારા પો.સ.ઈ. તેમના મોબાઈલમાં અમને બતાવેલો જે જે-તે વખતે ચાલી રહેલા પોલીસ કર્મચારીના ગ્રેડપે આંદોલનને વેગ તથા પ્રોત્સાહન મળે તેમ હોય અને ઉશ્કેરણી જનક તેમજ શીસ્તભંગ ખાતામાં ફરજ ન બજાવે અથવા ફરજની

ઉપેક્ષા કરે તેવો મેસેજ ફેસબુકમાં કરેલ હોય જેથી અમારા પો.સ.ઈ.ભરવાડસાહેબે મહીપતસિંહ કેસરીસિંહ ચૌહાણ રહે. લવાલ વિરુધ્ધ ફરીયાદ આપેલી જે અનુસંધાને ત.ક.શ્રીએ મારો જવાબ લીધેલ. તેમજ આરોપીને ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ વંચાણે લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હુ મારા એનરોઈડ ફોનમાં ફેસબુક વાપરુ છુ. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકિતનો ફોન બીજી કોઈ વ્યકિત ફોન લઈ તેમાંથી મેસેજ કે ફોટો ફેસબુક ઉપર પોસ્ટ વાયરલ કરી શકે. એ વાત ખરી છે કે હાલના સાઈબર ક્રાઈમના જમાનામાં ચોકકસ કહી શકાય નહી કે ફેસબુક પોસ્ટ ઉપર કોને પોસ્ટ કરેલી. એ વાત ખરી છે કે હાલ સાઈબર ક્રાઈમ હીસાબે કોઈ પણ વ્યકિત કોઈ પણ વ્યકિતનો ફોટો ખોટો બનાવી તેમાં લખાણ કરી વાયરલ કરી શકે.

**(૧૧)** ફરિયાદપક્ષના સાહેદ શૈલેષભાઈ લક્ષ્મણભાઈ તળપદાની આંક–૧૮ થી જુબાની થયેલ છે અને તે પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૮/૧૦/૨૧ ના રોજ હુ માતર પો.સ્ટેશનમાં નોકરી ઉપર સવારના ૮/૦૦ થી સાંજના ૨૦/૦૦ સુધી અમારી ફરજ હતો તે વખતે બપોરનાં ૨/૦૦ વાગ્યે પો.સ.ઈ. એસ.આર. ભરવાડનાઓએ તેમના મોબાઈલ ફોનમાંથી મહીપતસિંહ ચૌહાણ નડીયાદના ફેસબુક આઈ.ડી. ઉપર એક પોસ્ટ જોતા જે ફેસબુક મેસેજ પેજનો ફોટો હતો જેમાં '' # ગ્રેડ પે બાબતે પ્રતિક્રિયા કોન્સટેબલની ૧૮૦૦ ગ્રેડ પે ૨૮૦૦ ગ્રેડ પેની માંગ એ.એસ.આઈ.ને ૨૪૦૦ ગ્રેડ પેની માંગ સામે ૪૨૦૦ ગ્રેડ પેની માંગ, વર્ગ–૩ ના કર્મચારીના ગ્રેડ પે ૨૪૦૦ તો પોલીસનો કેમ ૧૮૦૦ ૨૪ કલાક ખડે પગેની નોકરી છતા અન્યાય કેમ દરેક પરિસ્થીતીમાં આગળ રહેતી અને ફરજનો સમય નકકી નહી હોવા છતા વેતન ઓછુ અને અન્યાય કેમ આ બાબતનુ પોલીસને મારુ સમર્થન'' અને આ મેસેજની નિચે પોલીસના ડ્રેસવાળો ફોટો હતો જે ફોટામાં જોતા ગુજરાતીમાં

મહીપતસિંહ લખેલ હતુ અને વિ વોન્ટ જસ્ટિસ અને જેની નીચે ગુજરાતમાં પોલીસ જવાનોની વેદના વર્ગ–૩ ના કર્મચારીને ગ્રેડ પે ૨૪૦૦ તો પોલીસને કેમ ૧૮૦૦? તેની સાઈડમાં મહીપતસિંહ ચૌહાણનો ફોટો છે અને અંગ્રેજીમાં મહિપતસિંહ ચૌહાણ લખેલ છે જેની નીચે તેમના નામ લિંક જે મુખ્ય સંયોજક, સર્વ સમાજ સેના ગુજરાત લિવ ઈન નડીયાદ ફ્રોમ વસો ઈન્ડીયા બર્થ ડેટ ૨૫–જુલાઈ–૧૯૮૬ વિગેરે મતલબનો મેસેજ અમારા પો.સ.ઈ. તેમના મોબાઈલમાં અમને બતાવેલો જે જે–તે વખતે ચાલી રહેલા પોલીસ કર્મચારીના ગ્રેડપે આંદોલનને વેગ તથા પ્રોત્સાહન મળે તેમ હોય અને ઉશ્કેરણી જનક તેમજ શીસ્તભંગ ખાતામાં ફરજ ન બજાવે અથવા ફરજની ઉપેક્ષા કરે તેવો મેસેજ ફેસબુકમાં કરેલ હોય જેથી અમારા પો.સ.ઈ.ભરવાડસાહેબે મહીપતસિંહ કેસરીસિંહ ચૌહાણ રહે. લવાલ વિરુધ્ધ ફરીયાદ આપેલી જે અનુસંધાને ત.ક.શ્રીએ મારો જવાબ લીધેલ. તેમજ આરોપીને ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ વંચાણે લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હુ મારા એનરોઈડ ફોનમાં ફેસબુક વાપરુ છુ. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકિતનો ફોન બીજી કોઈ વ્યકિત ફોન લઈ તેમાંથી મેસેજ કે ફોટો ફેસબુક ઉપર પોસ્ટ વાયરલ કરી શકે. એ વાત ખરી છે કે હાલના સાઈબર ક્રાઈમના જમાનામાં ચોકકસ કહી શકાય નહી કે ફેસબુક પોસ્ટ ઉપર કોને પોસ્ટ કરેલી. એ વાત ખરી છે કે હાલ સાઈબર ક્રાઈમ હીસાબે કોઈ પણ વ્યકિત કોઈ પણ વ્યકિતનો ફોટો ખોટો બનાવી તેમાં લખાણ કરી વાયરલ કરી શકે.

**(૧૨)** ફરિયાદપક્ષના સાહેદ કીશોરભાઈ અરજણભાઈ પરમારની આંક–૧૯ થી જુબાની થયેલ છે અને તે પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૮/૧૦/૨૧ ના રોજ હુ માતર પો.સ્ટેશનમાં વાયરલેસ ઉપર સવારના ૮/૦૦ થી સાંજના ૨૦/૦૦ સુધી અમારી ફરજ હતો તે વખતે બપોરનાં ૨/૦૦ વાગ્યે પો.સ.ઈ. એસ.આર.

ભરવાડનાઓએ તેમના મોબાઈલ ફોનમાંથી મહીપતસિંહ ચૌહાણ નડીયાદના ફેસબુક આઈ.ડી. ઉપર એક પોસ્ટ જોતા જે ફેસબુક મેસેજ પેજનો ફોટો હતો જેમાં '' # ગ્રેડ પે બાબતે પ્રતિક્રિયા કોન્સટેબલની ૧૮૦૦ ગ્રેડ પે ૨૮૦૦ ગ્રેડ પેની માંગ એ.એસ.આઈ.ને ૨૪૦૦ ગ્રેડ પેની માંગ સામે ૪૨૦૦ ગ્રેડ પેની માંગ, વર્ગ–૩ ના કર્મચારીના ગ્રેડ પે ૨૪૦૦ તો પોલીસનો કેમ ૧૮૦૦ ૨૪ કલાક ખડે પગેની નોકરી છતા અન્યાય કેમ દરેક પરિસ્થીતીમાં આગળ રહેતી અને ફરજનો સમય નકકી નહી હોવા છતા વેતન ઓછુ અને અન્યાય કેમ આ બાબતનુ પોલીસને મારુ સમર્થન'' અને આ મેસેજની નિચે પોલીસના ડ્રેસવાળો ફોટો હતો જે ફોટામાં જોતા ગુજરાતીમાં મહીપતસિંહ લખેલ હતુ અને વિ વોન્ટ જસ્ટિસ અને જેની નીચે ગુજરાતમાં પોલીસ જવાનોની વેદના વર્ગ–૩ ના કર્મચારીને ગ્રેડ પે ૨૪૦૦ તો પોલીસને કેમ ૧૮૦૦? તેની સાઈડમાં મહીપતસિંહ ચૌહાણનો ફોટો છે અને અંગ્રેજીમાં મહિપતસિંહ ચૌહાણ લખેલ છે જેની નીચે તેમના નામ લિંક જે મુખ્ય સંયોજક, સર્વ સમાજ સેના ગુજરાત લિવ ઈન નડીયાદ ફ્રોમ વસો ઈન્ડીયા બર્થ ડેટ ૨૫–જુલાઈ–૧૯૮૬ વિગેરે મતલબનો મેસેજ અમારા પો.સ.ઈ. તેમના મોબાઈલમાં અમને બતાવેલો જે જે–તે વખતે ચાલી રહેલા પોલીસ કર્મચારીના ગ્રેડપે આંદોલનને વેગ તથા પ્રોત્સાહન મળે તેમ હોય અને ઉશ્કેરણી જનક તેમજ શીસ્તભંગ ખાતામાં ફરજ ન બજાવે અથવા ફરજની ઉપેક્ષા કરે તેવો મેસેજ ફેસબુકમાં કરેલ હોય જેથી અમારા પો.સ.ઈ.ભરવાડસાહેબે મહીપતસિંહ કેસરીસિંહ ચૌહાણ રહે. લવાલ વિરુધ્ધ ફરીયાદ આપેલી જે અનુસંધાને ત.ક.શ્રીએ મારો જવાબ લીધેલ. તેમજ આરોપીને ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ વંચાણે લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હુ મારા એનરોઈડ ફોનમાં ફેસબુક વાપરુ છુ. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકિતનો ફોન બીજી કોઈ વ્યકિત ફોન લઈ તેમાંથી મેસેજ કે ફોટો ફેસબુક ઉપર પોસ્ટ વાયરલ કરી શકે. એ વાત ખરી છે કે હાલના સાઈબર ક્રાઈમના

જમાનામાં ચોકકસ કહી શકાય નહી કે ફેસબુક પોસ્ટ ઉપર કોને પોસ્ટ કરેલી. એ વાત ખરી છે કે હાલ સાઈબર ક્રાઈમ હીસાબે કોઈ પણ વ્યકિત કોઈ પણ વ્યકિતનો ફોટો ખોટો બનાવી તેમાં લખાણ કરી વાયરલ કરી શકે.

(૧૩) ફરિયાદપક્ષના સાહેદ ધીરૂભાઈ મેરૂભાઈ અલગોતરની આંક–૨૦ થી જુબાની થયેલ છે અને તે પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૮/૧૦/૨૧ ના રોજ હુ માતર પો.સ્ટેશનમાં વાયરલેસ ઉપર સવારના ૮/૦૦ થી સાંજના ૨૦/૦૦ સુધી અમારી ફરજ હતો તે વખતે બપોરનાં ૨/૦૦ વાગ્યે પો.સ.ઈ. એસ.આર. ભરવાડનાઓએ તેમના મોબાઈલ ફોનમાંથી મહીપતસિંહ ચૌહાણ નડીયાદના ફેસબુક આઈ.ડી. ઉપર એક પોસ્ટ જોતા જે ફેસબુક મેસેજ પેજનો ફોટો હતો જેમાં '' # ગ્રેડ પે બાબતે પ્રતિક્રિયા કોન્સટેબલની ૧૮૦૦ ગ્રેડ પે ૨૮૦૦ ગ્રેડ પેની માંગ એ.એસ.આઈ.ને ૨૪૦૦ ગ્રેડ પેની માંગ સામે ૪૨૦૦ ગ્રેડ પેની માંગ, વર્ગ–૩ ના કર્મચારીના ગ્રેડ પે ૨૪૦૦ તો પોલીસનો કેમ ૧૮૦૦ ૨૪ કલાક ખડે પગેની નોકરી છતા અન્યાય કેમ દરેક પરિસ્થીતીમાં આગળ રહેતી અને ફરજનો સમય નકકી નહી હોવા છતા વેતન ઓછુ અને અન્યાય કેમ આ બાબતનુ પોલીસને મારુ સમર્થન'' અને આ મેસેજની નિચે પોલીસના ડ્રેસવાળો ફોટો હતો જે ફોટામાં જોતા ગુજરાતીમાં મહીપતસિંહ લખેલ હતુ અને વિ વોન્ટ જસ્ટિસ અને જેની નીચે ગુજરાતમાં પોલીસ જવાનોની વેદના વર્ગ–૩ ના કર્મચારીને ગ્રેડ પે ૨૪૦૦ તો પોલીસને કેમ ૧૮૦૦? તેની સાઈડમાં મહીપતસિંહ ચૌહાણનો ફોટો છે અને અંગ્રેજીમાં મહિપતસિંહ ચૌહાણ લખેલ છે જેની નીચે તેમના નામ લિંક જે મુખ્ય સંયોજક, સર્વ સમાજ સેના ગુજરાત લિવ ઈન નડીયાદ ફ્રોમ વસો ઈન્ડીયા બર્થ ડેટ ૨૫–જુલાઈ–૧૯૮૬ વિગેરે મતલબનો મેસેજ અમારા પો.સ.ઈ. તેમના મોબાઈલમાં અમને બતાવેલો જે જે–તે વખતે ચાલી રહેલા પોલીસ કર્મચારીના ગ્રેડપે આંદોલનને વેગ તથા પ્રોત્સાહન મળે તેમ હોય અને ઉશ્કેરણી જનક તેમજ શીસ્તભંગ ખાતામાં ફરજ ન

બજાવે અથવા ફરજની ઉપેક્ષા કરે તેવો મેસેજ ફેસબુકમાં કરેલ હોય જેથી અમારા પો.સ.ઈ.ભરવાડસાહેબે મહીપતસિંહ કેસરીસિંહ ચૌહાણ રહે. લવાલ વિરુધ્ધ ફરીયાદ આપેલી જે અનુસંધાને ત.ક.શ્રીએ મારો જવાબ લીધેલ. તેમજ આરોપીને ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ વંચાણે લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હુ મારા એનરોઈડ ફોનમાં ફેસબુક વાપરુ છુ. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકિતનો ફોન બીજી કોઈ વ્યકિત ફોન લઈ તેમાંથી મેસેજ કે ફોટો ફેસબુક ઉપર પોસ્ટ વાયરલ કરી શકે. એ વાત ખરી છે કે હાલના સાઈબર ક્રાઈમના જમાનામાં ચોકકસ કહી શકાય નહી કે ફેસબુક પોસ્ટ ઉપર કોને પોસ્ટ કરેલી. એ વાત ખરી છે કે હાલ સાઈબર ક્રાઈમ હીસાબે કોઈ પણ વ્યકિત કોઈ પણ વ્યકિતનો ફોટો ખોટો બનાવી તેમાં લખાણ કરી વાયરલ કરી શકે.

(૧૪) ફરીયાદપક્ષે ફરીયાદી શેલાભાઈ રાહાભાઈ ભરવાડ તેમની આંક– ર૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.ર૮/૧૦/ર૧ ના રોજ હુ માતર પો.સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો તે વખતે બપોરનાં ર/૦૦ વાગ્યે મારા મોબાઈલ ફોનમાંથી મહીપતસિંહ ચૌહાણ નડીયાદના ફેસબુક આઈ.ડી. ઉપર એક પોસ્ટ જોતા જે ફેસબુક મેસેજ પેજનો ફોટો હતો જેમાં '' # ગ્રેડ પે બાબતે પ્રતિક્રિયા કોન્સટેબલની ૧૮૦૦ ગ્રેડ પે ર૮૦૦ ગ્રેડ પેની માંગ એ.એસ.આઈ.ને ર૪૦૦ ગ્રેડ પેની માંગ સામે ૪ર૦૦ ગ્રેડ પેની માંગ, વર્ગ–૩ ના કર્મચારીના ગ્રેડ પે ર૪૦૦ તો પોલીસનો કેમ ૧૮૦૦ ર૪ કલાક ખડે પગેની નોકરી છતા અન્યાય કેમ દરેક પરિસ્થીતીમાં આગળ રહેતી અને ફરજનો સમય નકકી નહી હોવા છતા વેતન ઓછુ અને અન્યાય કેમ આ બાબતનુ પોલીસને મારુ સમર્થન'' અને આ મેસેજની નિચે પોલીસના ડ્રેસવાળો ફોટો હતો જે ફોટામાં જોતા ગુજરાતીમાં મહીપતસિંહ લખેલ હતુ અને વિ વોન્ટ જસ્ટિસ અને જેની નીચે ગુજરાતમાં પોલીસ

જવાનોની વેદના વર્ગ–૩ ના કર્મચારીને ગ્રેડ પે ૨૪૦૦ તો પોલીસને કેમ ૧૮૦૦? તેની સાઈડમાં મહીપતસિંહ ચૌહાણનો ફોટો છે અને અંગ્રેજીમાં મહિપતસિંહ ચૌહાણ લખેલ છે જેની નીચે તેમના નામ લિંક જે મુખ્ય સંયોજક, સર્વ સમાજ સેના ગુજરાત લિવ ઈન નડીયાદ ફ્રોમ વસો ઈન્ડીયા બર્થ ડેટ ૨૫–જુલાઈ–૧૯૮૬ વિગેરે મતલબનો મેસેજ અમારા પો.સ.ઈ. તેમના મોબાઈલમાં અમને બતાવેલો જે જે–તે વખતે ચાલી રહેલા પોલીસ કર્મચારીના ગ્રેડપે આંદોલનને વેગ તથા પ્રોત્સાહન મળે તેમ હોય અને ઉશ્કેરણી જનક તેમજ શીસ્તભંગ ખાતામાં ફરજ ન બજાવે અથવા ફરજની ઉપેક્ષા કરે તેવો મેસેજ ફેસબુકમાં વાયરલ કરેલ હોય જેથી આ ફેસબુકની પોસ્ટ સામે માતર પો.સ્ટેશનમાં ફરીયાદ આપેલી. તેમજ અસલ ફરીયાદ બતાવતા ફરીયાદમાં સહી ઓળખી બતાવેલ છે જે દા.આ.૨૫ થી રજુ છે. તેમજ ગુનાની તપાસ જાતે સુચીપત્ર સાથે સંભાળી લીધેલ અને આગળની તપાસ સી.પી.આઈ–માતરને સોપી આપેલ જે સુચીપત્ર આંક–૨૬ થી રજુ છે. તેમજ આરોપીને ઓળખી બતવોલ છે..

બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ વંચાણે લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હુ મારા એનરોઈડ ફોનમાં ફેસબુક વાપરુ છુ. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકિતનો ફોન બીજી કોઈ વ્યકિત ફોન લઈ તેમાંથી મેસેજ કે ફોટો ફેસબુક ઉપર પોસ્ટ વાયરલ કરી શકે. એ વાત ખરી છે કે હાલના સાઈબર ક્રાઈમના જમાનામાં ચોકકસ કહી શકાય નહી કે ફેસબુક પોસ્ટ ઉપર કોને પોસ્ટ કરેલી. એ વાત ખરી છે કે બનાવ સમયે ગ્રેડ પે અંગે આંદોલત અમારા પો.કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનો ચલાવતા હતા. એ વાત ખરી છે કે હાલ સાઈબર ક્રાઈમ હીસાબે કોઈ પણ વ્યકિત કોઈ પણ વ્યકિતનો ફોટો ખોટો બનાવી તેમાં લખાણ કરી વાયરલ કરી શકે. એ વાત ખરી નથી કે મારા ઉપલા અધિકારીઓના દબાણને કારણે હાલની ખોટી ફરીયાદ આપી સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**(૧૫)** ફરીયાદપક્ષે ત.ક.અ. દુર્લભભાઈ જીવાભાઈ સોસાની આંક– ૨૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૮/૧૦/૨૦૨૧ ના રોજ હુ માતર સી.પી.આઈ. કચેરી ખાતે પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે માતર પી.એસ.આઈ. એસ.આર.ભરવાડનાઓએ માતર પો.સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૩૨૮/૨૦૨૧ થી ઈ.પી.કો. કલમ ૫૦૫(૨) મુજબ ગુનો રજીસ્ટર કરેલો જે ગુનાના કામે તા.૨૯/૧૦/૨૦૨૧ ના રોજ માતર પી.એસ.આઈ. એસ.આર.ભરવાડનાઓએ એસ.પી. કચેરીના ઈ–મેલના આધારે લેખિત હુકમ સાથે આગળની વધુ તપસ સારુ મને ફરીયાદ તથા લેખિત હુકમ મોકલી આપેલ. જે અસલ લેખિત હુકમ બતાવતા તેમાં પી.એસ.આઈ. એસ.આર.ભરાવની સહી ઓળખી બતાવેલ છે જે દા.આં.૨૮ થી રજુ છે. સદર ગુનાની તપાસ અમોએ સંભાળી લીધેલ પછી લાગતા વળગતા પોલીસના માણસોના નિવેદનો લેવામાં આવેલ જે પી.એસ.આઈશ્રીની ફરીયાદને સમર્થન આપતા હતા તેમજ સદર ગુનાના કામે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય જેથી આરોપીને હસ્તગત કરી સદર ગુનાના કામે અટક કરવામાં અવોલ અને સદર ફરીયાદમાં પો.સ.ઈ. માતરે તેમની ફરીયાદમાં તેમના મોબાઈલમાના ફેસબુકમાંથી મેળવેલ ફોટો અને જે પોલીસ ગ્રેડ પે આંદોલન સબબ કરેલ ઉશ્કેરણી જનક ટી પ્પણી તથા તેમનો ફોટો તથા નામ સરખવતા બરાબર હોય જેથી અટક કરવા પુરતા કારણ હોવાથી આરોપીને અટક કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા સદર કેસ અન્વયે ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં સુપરત કરેલ હતુ. તેમજ આરોપીને ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ વંચાણે લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે આ કામે રૂબરૂ જાતે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે અમોને ફોન દ્રારા માહીતી મળેલ નહી. એ વાત ખરી નથી કે અમારા ઉપલા અધિકારીના કહેવા હાલની તપાસ ખોટી કરેલ છે. એ વાત ખરી નથી

કે નિવેદનો મે મારી જાતે લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છુ.

ઉપરોકત સાહેદની ઉલટતપાસ કોર્ટ દ્રારા એવીડન્સ એકટની કલમ ૧૬૫ મુજબ લેવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, મે કુલ ૩૮ વર્ષ પોલીસ ખાતામાં ફરજ બજાવેલી. હુ હાલમાં એનરોઈડ ફોન વાપરુ છુ. હુ હાલ ફેસબુક વાપરતો નથી. એ વાત ખરી છે કે મે આ કામે ફરીયાદી શ્રી ભરવાડે અને પોતાનુ ફેસબુકમાં વિવાદીત પોસ્ટ બતાવેલી. એ વાત ખરી છે કે મે આ કામે ફરીયદી શ્રી ભરવાડનો મોબાઈલ કબજે કરેલ નહી. એ વાત ખરી છે કે ફરીયાદીશ્રીએ મને વિવાદીત પોસ્ટની નકલો કાઢી આપેલ જે મે તપાસના કામે રજુ રાખેલ. એ વાત ખરી છે કે મે ફરીયાદીશ્રી ભરવાડનો ફોન એફ.એસ.એલ.માં મોકલેલો નહી. એ વાત ખરી છે કે મે ભારતીય પુરાવાધારાની કલમ ૬૫(બી) નુ સર્ટીફીકેટ લીધેલ નહી. આરોપી પોલીસ સ્ટેશન આવતા મે જે નકલો કઢાવેલી તેની સાથે સરખામણી કરેલ.

**(૧૬)** આ કામે સૌપ્રથમ આઈ.પી.સી કલમ ૫૦૫ની જોગવાઈઓ ધ્યાને લેતા

(1)] Whoever makes, publishes or circulates any statement, rumour or report,

> (a) with intent to cause, or which is likely to cause, any officer, soldier, [sailor or airman] in the Army, [Navy or Air Force] [of India] to mutiny or otherwise disregard or fail in his duty as such; or
>
> (b) with intent to cause, or which is likely to cause, fear or alarm to the public, or to any section of the public whereby any person may be induced to commit an offence against the State or against the public tranquility; or
>
> (c) with intent to incite, or which is likely to incite, any class or community of persons to commit any offence against any other class or community,

shall be punished with imprisonment which may extend to [three years], or with fine, or with both.

(2) Statements creating or promoting enmity, hatred or ill-will between classes. Whoever makes, publishes or circulates any statement or report containing rumour or alarming news with intent to create or promote, or which is likely to create or promote, on grounds of religion, race, place of birth, residence, language, caste or community or any other ground whatsoever, feelings of enmity,

hatred or ill-will between different religious, racial, language or regional groups or castes or communities, shall be punished with imprisonment which may extend to three years, or with fine, or with both.

(3) Offence under sub-section (2) committed in place of worship, etc. Whoever commits an offence specified in sub-section (2) in any place of worship or in an assembly engaged in the performance of religious worship or religious ceremonies, shall be punished with imprisonment which may extend to five years and shall also be liable to fine.]

Exception. It does not amount to an offence, within the meaning of this section when the person making, publishing or circulating any such statement, rumour or report, has reasonable grounds for believing that such statement, rumour or report is true and makes, publishes or circulates it [336] [in good faith and] without any such intent as aforesaid.

આ કામે ફરિયાદપક્ષનો કેસ ધ્યાને લેતા આ કામના આરોપીએ ફેસબુક ઉપર પોલિસ ગ્રેડ –પે અંગેની પોસ્ટ મુકેલ હતી. ફરિયાદપક્ષના કેસના સાહેદો હાલના આરોપીએ ફેસ બુક ઉપર પોસ્ટ મુકેલ હોવાનુ જણાવે છે પરંતુ આ ફેસબુક એકાઉન્ટ આરોપીનુ હતુ કે કેમ તે અંગે ફરિયાદી કે તપાસકર્તાએ આરોપીનો મોબાઈલ ફોન કબજે કરેલ નથી. વિશેષમા ફેસબુક કંપની માંથી પણ આ એકાઉન્ટ આરોપી ધરાવતા હતા કે કેમ? તે અંગેની કોઈ વિગતો રજુ રાખેલ નથી.

**(૧૭)**આ કામે ફરિયાદીની બચાવપક્ષે ઉલટ તપાસ વંચાણે લેતા એ વાત ખરી છે કે હુ મારા એનરોઈડ ફોનમાં ફેસબુક વાપરુ છુ. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકિતનો ફોન બીજી કોઈ વ્યકિત ફોન લઈ તેમાંથી મેસેજ કે ફોટો ફેસબુક ઉપર પોસ્ટ વાયરલ કરી શકે. એ વાત ખરી છે કે હાલના સાઈબર ક્રાઈમના જમાનામાં ચોકકસ કહી શકાય નહી કે ફેસબુક પોસ્ટ ઉપર કોને પોસ્ટ કરેલી. એ વાત ખરી છે કે બનાવ સમયે ગ્રેડ પે અંગે આંદોલત અમારા પો.કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનો ચલાવતા હતા. એ વાત ખરી છે કે હાલ સાઈબર ક્રાઈમ હીસાબે કોઈ પણ વ્યકિત કોઈ પણ વ્યકિતનો ફોટો ખોટો બનાવી તેમાં લખાણ કરી વાયરલ કરી શકે. આમ, ફરિયાદી

પોતે એનરોઈડ ફોન ધરાવતા હતા તેમ છતા તેમ છતા તપાસકર્તાએ આ મોબાઈલ ફોન તેઓ પાસેથી લઈ એફ.એસ.એલમા મોકલવા તસ્દી લીધેલ નથી. તેમજ સાહેદ પોતે સ્વિકારેલ છે કે હાલના સાઈબર ક્રાઈમના જમાનામા ચોકકસ કહી શકાય નહી કે ફેસબુક પોસ્ટ ઉપર કોને પોસ્ટ કરેલી.

(૧૮)આ કામના તપાસકર્તાની ઉલટ તપાસ ધ્યાને લેતા હુ હાલમાં એનરોઈડ ફોન વાપરુ છુ. હુ હાલ ફેસબુક વાપરતો નથી. એ વાત ખરી છે કે મે આ કામે ફરીયાદી શ્રી ભરવાડે અને પોતાનુ ફેસબુકમાં વિવાદીત પોસ્ટ બતાવેલી. એ વાત ખરી છે કે મે આ કામે ફરીાયદી શ્રી ભરવાડનો મોબાઈલ કબજે કરેલ નહી. એ વાત ખરી છે કે ફરીયાદીશ્રીએ મને વિવાદીત પોસ્ટની નકલો કાઢી આપેલ જે મે તપાસના કામે રજુ રાખેલ. એ વાત ખરી છે કે મે ફરીયાદીશ્રી ભરવાડનો ફોન એફ.એસ.એલ.માં મોકલેલો નહી. એ વાત ખરી છે કે મે ભારતીય પુરાવાધારાની કલમ ૬૫(બી) નુ સર્ટીફીકેટ લીધેલ નહી. આમ, તપાસકર્તાએ ફરિયાદીનો મોબાઈલ ફોન કબજે લીધેલ નથી તેમજ આ ફોન એફ.એસ.એલમા મોકલી આપેલ નથી. તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ ૬૫(બી)નુ કોઈ સર્ટીફીકેટ લીધેલ નથી. જેથી આ વિવાદીત પોસ્ટ હાલના આરોપીએ ફેસબુક ઉપર મુકેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી.

(૧૯)વિશેષમા ફરિયાદપક્ષ દ્રારા આરોપી દ્રારા જે પોસ્ટ મુકવામા આવેલ તે પોસ્ટના શબ્દો ફરિયાદપક્ષના કેસ મુજબ ધ્યાને લેતા પોલિસના ગ્રેડ–પે આંદોલનને લગતા છે. આ શબ્દો ધ્યાને લેતા પોલિસ ખાતામા કામ કરતા કર્મચારીઓના પગાર વધારાને લગતા આંદોલનના છે.આ શબ્દોથી સમાજના કોઈ વર્ગ વચ્ચે વર્ગવિગ્રહ થવાની શકયતા દેખાતી નથી.ફકત પોલિસના પગારને લગતા ગ્રેડ–પે

આંદોલનને સમર્થન આપવુ એ સમાજના વર્ગોમાં વર્ગ વિગ્રહ ફેલાવવાનુ કહી શકાય નહી. આમ, ઉપરકોત ચર્ચા કર્યા મુજબ આ કામે ફરિયાદપક્ષ હાલના આરોપીએ પોલિસ ગ્રેડ–પે અંગેની પોસ્ટ ફેસબુકમા મુકેલ હતી કે કેમ? તે હકીકત સાબિત કરી શકેલ નથી. વધુમાં, રેકર્ડ પરનો પુરાવો જોતાં આરોપીઓ ઉપર શંકા ઉદભવે છે કે તેઓએ ફરિયાદ વાળો ગુનો કરેલ છે પરંતુ કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાનુની પુરાવાનું સ્થાન લઈ શકે નહીં. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાતો મુજબ પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરિયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ ની:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહીં. જેથી ફરીયાદ પક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે, સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહીં. આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી.આમ, ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર ફરિયાદપક્ષની દલીલ સ્વિકારવાપાત્ર જણાતી નથી તથા આરોપીઓના વિ.વ.શ્રીની દલીલો સ્વીકારવાપાત્ર જણાય છે. આમ ઉપરોકત ચર્ચા કરેલ કારણોના આધારે મુદા નં. ૧ નો નિર્ણય નકારાત્મક આપવામાં આવે છે તથા ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે મુદ્દા નં. ૨નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>:: આખરી હુકમ ::</u>

(૧) આ કામના આરોપી **મહિતપસિંહ કેસરીસિંહ ચૌહાણ રહે. લવાલ તા.વસો**નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૪૮(૧) અન્વયે આરોપીને ઈ.પી.કો.કલમ-૫૦૫(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી <u>નિર્દોષ</u> ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ સી.આર.પી.સી.ની કલમ-૪૩૭એ મુજબના રૂા. ૫,૦૦૦/-ના જાત જામીન તથા તેટલી રકમના જામીન આપવા.

આ હુકમ આજ રોજ તા.૨૮ મી માહે નવેમ્બર સને ૨૦૨૩ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

વસો.
તા. ૨૮/૧૧/૨૦૨૩

**( જીજ્ઞેશ હરીશભાઈ ભટ્ટ )**
જ્યુડી. મેજી.ફ.ક., વસો.
(કોડ નં.જી.જે.૦૧૫૬૮ )

//એસ.બી.ચાવડા //